ફરીયાદ કર્યા તારીખ. :– ૨૭/૦૫/૨૦૧૫
ફરીયાદ દાખલ તારીખ. :– ૨૭/૦૫/૨૦૧૫
ફરીયાદ ફેંસલ તારીખ. :– ૨૮/૦૮/૨૦૧૮
સમયગાળો **:– ૦૩ વર્ષ, ૦૩ માસ, ૦૧ દિવસ.**

सत्यमेव जयते

અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કોર્ટ નંબરઃ ૨૯ સમક્ષ

ફોજદારી કેસ નંબર : ૮૦/૧૫
આંક–

ફરિયાદી : હર્ષદભાઈ જયંતિભાઈ પટેલ,
ઉ.વ.પુખ્ત વયના, ધંધોઃ નોકરી,
રહેવાસીઃ ૨૯, તુલસી બંગ્લોઝ,
વડોદરા એકસપ્રેસ હાઈવે પાસે,
સી.ટી.એમ., રામોલ, અમદાવાદ.

વિરૂધ્ધ

આરોપી : રમેશભાઈ ડી.કેવલાણી તે ઉષા ક્રિએશનના પ્રોપરાયટર,
ઉ.વ. પુખ્ત વયના, ધંધો :વેપાર,
ઠે.૫, બેઝમેન્ટ, મુરલી મનોહર માર્કેટ,
સુગનોમલ માર્કેટની પાછળ,રેવડી બજાર,અમદાવાદ.

ગુનો : ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી ડી.એસ.પટેલ
આરોપીપક્ષે વિ.વ.શ્રી એમ.એમ.શેખ

જજમેન્ટ

૧. આ કામના ફરીયાદપક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદીના મિત્ર જીજ્ઞેશ જયંતિલાલ ઠકકરનાઓએ આ કામના આરોપી સાથે ફરીયાદીને ઓળખાણ કરાવેલ. ત્યારબાદ ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાનો સબંધ બંધાયેલ, જેથી ફરીયાદી આરોપીને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને ધંધાના કામ અર્થે નાણાંની જરૂર હોય ફરીયાદી પાસે રૂા.૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા)ની માંગણી કરતાં

ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી હાથઉછીની રકમ માટે રૂા.૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા)નો, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સી.ટી.એમ.ચાર રસ્તા શાખાનો ચેક નં.૮૩૦૧૮૭, તા.૨૩/૦૪/૧૪ ના રોજનો આપેલ, જે ચેક આરોપીના ખાતામાં જમા થઈ ગયેલ. ત્યારબાદ ફરીયાદીએ સદરહું રકમની પરત માંગણી કરતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા સારૂં ઈન્ડીયન ઓવરસીસ બેંક, હાંસોલ શાખાનો ચેક નં.૮૭૧૯૦૨, રૂા.૧,૦૦,૦૦૦/–પુરાનો તા.૧૬/૦૩/૧૫ ના રોજનો ચેક ઉષા ક્રિએશનના પ્રોપરાયટર તરીકે સહી કરી આપેલ અને તે ચેક બેંકમાં જમા કરાવતાં સ્વીકારાઈ જશે તેવો પાકો ભરોસો આપેલ. ત્યારબાદ ફરીયાદીએ સદરહું ચેક તેમના ખાતાવાળી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,સી.ટી.એમ.શાખા, અમદાવાદમાં જમા કરાવતાં આરોપીના ખાતામાં પુરતું ભંડોળ ન હોય "ફંડ ઈનસફીશીયન્ટ"ના બેંકના શેરા સાથે તા.૧૮/૦૩/૧૫ ના રોજ પરત ફરેલ. જે અંગે આરોપીને જાણ કરતાં આરોપીએ સદરહું ચેક ફરીથી બેંકમાં ભરવા સુચના આપેલ.ત્યારબાદ ફરીયાદીએ સદરહું ચેક ફરીવાર બેંકમાં જમા કરાવતાં "ફંડ ઈનસફીશીયન્ટ"ના શેરા સાથે તા.૩૦/૦૩/૧૫ ના રોજ પરત ફરેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત તા.૧૭/૦૪/૧૫ ના રોજ નોટીસ રજી.પો.એડી.થી મોકલાવેલ. જે નોટીસ બજવા છતાં તેનો કોઈ અમલ કરેલ નહીં કે નોટીસનો કોઈ જવાબ આપેલ નહીં. ફરીયાદીએ જે નોટીસ મોકલાવેલ તેમાં ટાઈપોગ્રાફીકલ ભુલ પુરા નં.૧ માં થયેલ તે અંગે સુધારા નોટીસ તા.૦૫/૦૫/૧૫ ના રોજ આરોપીઓને મોકલાવેલ. જે સુધારા નોટીસ તા.૦૬/૦૫/૧૫ ના રોજ લેફટના શેરાથી પરત ફરેલ.

આમ, આરોપીએ આજદિન સુધી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧, (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં **"એકટ"** તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમઃ ૧૩૮ તથા સાથે વાંચતા કલમઃ૧૪૨ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ તા.૨૭/૦૫/૧૫ના રોજ નામ.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

૨. સદરહુ ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાઃ૧૯૭૩ (કે જેને સરળતા ખાતર આ ઠરાવમાં હવે પછી **"સંહિતા"** તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમઃ૨૦૦ અન્વયે ફરીયાદીનું વેરીફીકેશન સોગંદ ઉપર નોંધવામાં આવ્યું. ત્યારબાદ સંહિતાની કલમઃ૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવ્યો હતો. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં, ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંકઃ૫ થી આરોપીની પ્લી ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમઃ ૨૫૧ મુજબ આંકઃ૫ થી નોંધવામાં આવેલ હતી. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફે તેમની ફરીયાદ હકીકતના સમર્થનમાં નીચે મુજબના લેખિત–મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

મૌખીક પુરાવા :–

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧.	ફરીયાદી હર્ષદભાઈ જયંતિભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની	૨
૨.	સાહેદ જીજ્ઞેશ જયંતીલાલ ઠકકરનાઓની સોગંદ ઉપરની જુબાની	૧૮

૩.	ઈન્ડીય ઓવરસીસ બેંક, હાંસોલ શાખાના આસીસ્ટન્ટ મેનેજરશ્રી નરેન્દ્ર કાલીદાસભાઈ સોલંકીનાઓની સોગંદ ઉપરની જુબાની	૧૯

દસ્તાવેજી પુરાવાઃ–

ક્રમ	**લેખીત પુરાવાની વિગત**	**આંક**
૧.	ફરીયાદવાળો વિવાદીત ચેક અસલ	૭
૨.	ફરીયાદવાળા ચેકનો રીટર્નમેમો અસલ	૮
૩.	ફરીયાદવાળા ચેકનો બીજીવારનો રીટર્નમેમો	૯
૪.	ફરીયાદીએ મોકલાવેલ કાનુની નોટીસની સ્થળપ્રત	૧૦
૫.	નોટીસ રજી.એડી.કર્યાની રસીદ	૧૧
૬.	રજી.એડી.બજી ગયાનું પોસ્ટનું એકનોલેજમેન્ટ	૧૨
૭.	ફરીયાદીએ મોકલાવેલ સુધારા નોટીસની સ્થળપ્રત	૧૩
૮.	સુધારા નોટીસ રજી.એડી.કર્યાની સ્લીપ	૧૪
૯.	રજી.એડી.નું લેફટના શેરા સાથે પરત આવેલ કવર	૧૫
૧૦.	ઓથોરીટી લેટર	૨૦
૧૧.	આરોપીના બેંક ખાતાનો ઉતારો	૨૧
૧૨.	ફરીયાદીની સીન્ડીકેટ બેંકની પાસબુકની નોટરાઈઝ કોપી	૨૩
૧૩.	ફરીયાદીની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,સી.ટી.એમ.બ્રાન્ચની પાસબુકની નોટરાઈઝ કોપી	૨૪
૧૪.	ફરીયાદીના અનુક્રમે વર્ષઃ૨૦૧૪–૧૫,૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭,૨૦૧૭–૧૮ ના ઈન્કમટેક્ષ રીટર્નની નોટરાઈઝ કોપી	૨૫ થી ૨૮

આ સીવાય કોઈ વધુ લેખિત/મૌખિક પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ નથી. તેમજ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગે આંકઃ૨૯ વાળી કલોઝીંગ પુરસીશથી જાહેર કરેલ છે.

૪. ત્યારબાદ સદર કામે તહોમતદારનું ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું છે. જે અન્વયે તેઓએ, તેમની સામેના પુરાવાઓનો ઈન્કાર કરેલો છે. સોગંદ ઉપર જુબાની આપવાની તથા બચાવના સાહેદ તપાસવાની " **ના**" કહેલ છે. તેમજ વિશેષમાં તેઓએ કોઈ લેણું આપવાનું થતું નથી અને તેમની સામે ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

૫. આરોપીપક્ષ તરફથી તેમના બચાવમાં કોઈ લેખીત–મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

૬. હાલના કેસમાં બંન્ને પક્ષે પુરાવાનું સ્ટેજ સંપૂર્ણ થયા બાદ કામ બંન્ને પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવેલ. આ કામે ફરીયાદપક્ષે આંકઃ૩૩ થી તથા આરોપીપક્ષે આંકઃ૩૪ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લીધેલ છે તેમજ બંન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

ફરીયાદપક્ષે વિ.વકીલશ્રીએ ટુંકમાં ફરીયાદ હકીકત વર્ણવી મુખ્યત્વે એવી દલીલો કરેલ છે કે, ફરીયાદીએ એકટ અન્વયેના તમામ આવશ્યક તત્વો પરીપુર્ણ કરેલ છે તેમજ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે અને ફરીયાદના સમર્થનમાં જરૂરી દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલા છે. આ પુરાવાઓથી વિરૂધ્ધની કોઈ ખંડનાત્મક હકીકત આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવેલા નથી. આરોપીપક્ષ ધ્વારા ફરીયાદીની ઉંડાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટતપાસમાં તેઓના બચાવમાં મદદરૂપ થાય તેવી કોઈ

હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. ફરીયાદીની ઉલટતપાસમાં પણ આરોપી કોઈ ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલા નથી,જયારે ફરીયાદપક્ષે દસ્તાવેજી તથા સાક્ષી પુરાવાઓથી પોતનો કેસ પુરવાર કરેલ છે. આરોપીએ જે કાંઈ બચાવો લીધેલા છે તે ખોટા અને ઉપજાવી કાઢેલા છે આવા બચાવોને આરોપીએ પુરવાર કરેલા નથી. જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે રેકર્ડ ઉપર પુરવાર કરેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે. તેમજ પોતાની દલીલોના સમર્થનમાં નામ.દિલ્હી હાઈકોર્ટ, ૨૦૦૩(૨)ડી.સી.આર.૯૯, દિલ્હી હાઈકોર્ટ, મેસસ દરબાર એક્ષપોર્ટસ અને બીજાઓ વિ. બેંક ઓફ ઈન્ડીયા અને બીજાઓનો ચુકાદો રજુ કરેલ છે.

આ સામે આરોપીપક્ષે મુખ્યત્વે એવી મૌખીક દલીલો કરેલ છે કે,આરોપી નિર્દોષ છે તેમની સામે ખોટો કેસ કરેલ છે. ફરીયાદી ધ્વારા ફરીયાદ દાખલ કરવામાં આવી તે સમયે સાહેદોનું લીસ્ટ ફરજીયાતપણે આપવું પડે, સી.આર.પી.સી.૨૦૪(૨) મુજબ જો લીસ્ટ રજુ કરેલ ન હોય તો પ્રોસેસ ઈસ્યુ ન કરી શકાય. ફરીયાદી ધ્વારા આંક–૧૩ થી સુધારાનોટીસ મોકલવામાં આવેલ છે. સુધારા નોટીસ માટેની કોઈ જોગવાઈ આ એકટમાં કરવામાં આવેલ નથી. જેથી બીજી નોટીસ ખંડનને પાત્ર છે, જેથી આંકે પાડી ના શકાય કે વંચાણે પણ લઈ શકાય નહીં. ફરીયાદીએ તેમની ફરીયાદ અને સરતપાસમાં આરોપીને અંગત કામે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થયેલાનું જણાવેલ છે, પરંતુ શુ અંગત કામ હતું ? તે પ્રસ્તુત હકીકત કહી શકાય, તેવી કોઈ હકીકત ફરીયાદી પુરવાર કરી શકેલા નથી. તહોમતદાર પોતે ફરીયાદીને ઓળખતા નથી, ફરીયાદીએ આ હકીકત ઉલટતપાસમાં કબુલ રાખેલ છે અને જીગ્નેશભાઈએ ઓળખાણ કરાવેલાનું જણાવેલ છે. જો ફરીયાદી જાતે ઓળખતા ન હોય, તો આટલી મોટી રકમનો વ્યવહાર આરોપી સાથે ન કરે. આંકઃ૧૦ થી રજુ નોટીસ આરોપીની ઓળખાણ સંબંધી ગંભીર પ્રકારની ભૂલોવાળી છે, જેથી ફરીયાદીના વકીલે પોતે મનસ્વી રીતે નોટીસ મોકલી આપેલ હતી તેવું કહી શકાય. ફરીયાદીએ જાતે ચેકમાંની વિગતો ભરી દીધેલ છે. જેથી ફરીયાદીનું તે રકમનું લેણું હતું તેવી ન માની શકાય. ફરીયાદીના પોતાના કથન મુજબતેઓનો પગાર ૨૫ હજાર હતો, જયારે ફરીયાદીએ અન્ય કોર્ટોમાં પણ ચેક રીટર્નના કેસો કરેલા છે. જો ફરીયાદીનો પગાર માત્ર ૨૫ હજાર જેટલો હોય તો, આટલી મોટી રકમ આપી શકવા અંગે ફરીયાદી સમર્થ ન હોવાનું કહી શકાય. ફરીયાદીએ ઈન્કમટેક્ષ રીટર્નમાં આરોપીનું લેણું દર્શાવેલ નથી. ફરીયાદીએ વર્ષઃ૨૦૧૪–૧૫ ના ઈન્કમટેક્ષ રીટર્નમાં આવક રૂા.૧,૭૦,૯૩૦/– બતાવેલ છે. તેમાંથી ચેકની રકમ ૧ લાખ બાદ કરવામાં આવે તો માત્ર ૭૦ હજાર જેટલી રકમમાં ફરીયાદી પોતાનું ગુજરાન ચલાવે તેવું માની ન શકાય. જેથી ફરીયાદીની આવકનો સ્ત્રોત શંકાસ્પદ છે. ફરીયાદી જે જીગ્નેશભાઈ મારફત આરોપીની ઓળખાણ થયેલાનું જણાવેલ છે, તે સાહેદ પણ આરોપીને સીધા ઓળખતા નથી પરંતુ આરોપીના દિકરા સાથે ઓળખાણ થયેલી તેવું કહે છે. આરોપીની આ સાહેદ સાથે માત્ર ત્રણ જ વખત જેમાંથી બે વખત કોર્ટમાં અને એક વખત રમેશભાઈની દુકાને મુલાકાત થયેલ છે. તેવું ઉલટતપાસમાં કબુલ રાખેલ છે. જો આટલો ઓછો વ્યવહાર હોય તો, આવા વ્યકિતને કોઈ ઉછીના પૈસા અપાવે તે માની શકાય તેમ નથી. આ સાહેદે પોતાની ઉલટતપાસમાં હર્ષદભાઈ પાસેથી તેઓએ પણ ઉછીની રકમ લીધેલી અને તેમના ભાઈને પણ ફરીયાદીએ ઉછીની રકમ આપેલી તેમ જણાવેલ છે, જેથીઆ સાહેદ ફરીયાદી સાથે હિત ધરાવનાર સાહેદ છે. સાહેદ જીગ્નેશભાઈએ તેઓની ઉલટતપાસ દરમ્યાન સીકયોરીટી પેટે આપેલ ચેક અંગે સ્વીકૃતી દર્શાવેલ છે. આવો ચેક ફરીયાદીએ જાતે ભરી લઈ આરોપીની સુચના બહાર ચેક ડીપોઝીટ કરી, રીટર્ન કરાવેલ છે. આ રીતે ચેક આરોપીની સુચના બહાર ડીપોઝીટ ન

કરાવી શકાય, જેથી આવા ચેકનો સીકયોરીટી ચેકનો બાધ નડે. ફરીયાદીએ મોકલાવેલ નોટીસ આરોપીને મળેલ જ નથી. આરોપીના સાચા સરનામે નોટીસ મોકલાવેલ હોવાની હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ નથી. સદર મુજબ દલીલો કરી આરોપી તરફે નામ.ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૨(૧)પાના નં.૧૦૦, ગુજરાત હાઈકોર્ટ, પટેલ અમૃતભાઈ નારણદાસ વિ. સ્ટેટ ઓફ ગુજરાતવાળા ચુકાદા તથા ડી.સી.આર.૨૦૧૬(૧)૩૮૯, બોમ્બે હાઈકોર્ટ, લોપેડ મેટલ્સ એન્ડ એન્જીનીયર્સ લી. વિ. વાય.વાય.કલેકટર,મેનેજીંગ અને બીજાઓ.વાળા ચુકાદા ઉપર આધાર રાખી નોટીસ ખરા સરનામે રજી.એડી. અથવા યુ.પી.સી.થી મોકલેલ હોય અને તે આરોપીને પોતાને જ બજેલ હોય તો યોગ્ય બજવણી કહી શકાય. જો પરિવારના સભ્યોને નોટીસ બજેલ હોય, તો નોટીસની યોગ્ય બજવણી ન કહી શકાય અને તેથી ફરીયાદ ટકવાપાત્ર રહેતી નથી. ફરીયાદીના સાહેદ ફરીયાદી સાથે હિત ધરાવનાર સાહેદ હોય, ફરીયાદીના વ્યાજ વટાવના ધંધામાં તેઓ કમીશન મેળવતા હોય, ફરીયાદીએ આરોપી પાસેથી એડવાન્સમાં સીકયોરીટી પેટે ચેક લઈ લીધેલ હોય, તેવા ચેકનો આરોપીની સંમતિ બહાર દુરૂઉપયોગ કરેલ છે જેથી ફરીયાદ ટકવાપાત્ર નથી. ફરીયાદી તથા તેમના માતૃશ્રી, સાહેદ જીગ્નેશભાઈ સાથે મળી આરોપીના પુત્ર સાથે જીગ્નેશભાઈની મિત્રતાનાનો લાભ લઈ આરોપીના કરંટ ખાતામાં ખોટી રીતે ચેકો ડીપોઝીટ કરાવી પોતાના ઈન્કમટેક્ષ રીટર્નમાં વધુ આવક ન બતાવવી પડે તે માટે તેવી ડીપોઝીટ કરેલ રકમ બે દિવસ પછી પરત મેળવીને ખોટા વ્યવહારો અને ખોટી વિગતો ઈન્કમટેક્ષથી છુપાવવા માટે ઉભી કરેલ છે. આવો કોઈ ઉછીનો વ્યવહાર ફરીયાદી સાથે થયેલ નથી. આરોપી પોતે બજારમાં સારી શાખ ધરાવે છે અને ઘણો મોટો ધંધો છે, જેથી આવી કોઈ ઉછીની રકમની જરૂરીયાત પડે તે માની શકાય નહી. આરોપી પોતે નિવૃત છે. ઘણા સમયથી તેઓની દુકાન ઉષા ક્રિએશનમાં જતા આવતા હતા તેમ છતાં જાણી જોઈને લીગલ નોટીસ ખોટી જગ્યાએ મોકલેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદ ટકવાપાત્ર ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા તેમની દલીલોના અંતે અરજ ગુજારેલ છે. વધુમાં પોતાની લેખીત દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

(૧). ૨૦૧૨(૧)પાના નં.૧૦૦, ગુજરાત હાઈકોર્ટ, પટેલ અમૃતભાઈ નારણદાસ વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(૨). ડી.સી.આર.૨૦૧૬(૧)૩૮૯, બોમ્બે હાઈકોર્ટ, લોપેટ મેટલ્સ એન્ડ એન્જીનીયર્સ લી. વિ. વાય.વાય. કલેકટર મેનેજીંગ અને બીજાઓ.

(૩). ડી.સી.આર.૧૯૯ પાન નં. ૬૫૦ કેરાલા હાઈકોર્ટ, કુનઝન પાનીકર વિ. ચરીતુદાસ.

૭. આમ, ઉપરોકત તમામ હકીકતો, બંન્ને પક્ષકારોની દલીલો, સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં હાલના કેસનો આખરી ન્યાયીક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દા ::–

(૧). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ મુજબનો સજા તથા દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨). શું હુકમ ?

૮.　　ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧).　હકારમાં

(૨).　આખરી હુકમ અનુસાર

નિર્ણયો માટેના કારણો

૯.　પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકારો જે તે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી પક્ષકારોના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન દોરવું પડે છે તે માટે સૌ પ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવું પડે. હાલના કેસમાં તહોમતદાર વિરૂધ્ધનો આક્ષેપ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ – ૧૩૮ અન્વયેના ગુના સંબંધનો મુકવામાં આવેલ છે. જેમાં સૌપ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવુ પડે .

કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકારઃ

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને "બે વર્ષ" સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ)　જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી)　જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી)　જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે　કાયદેસર રીતે જેનો અમલ

કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૯ તથા કલમ – ૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક) અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય , ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારનાર સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં

કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિષેઃ ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

૧૦. ફરીયાદીની આંક–૧ વાળી ફરીયાદ મુજબ ફરીયાદીના મિત્ર જીજ્ઞેશ જયંતિલાલ ઠકકરનાઓએ આ કામના આરોપી સાથે ફરીયાદીને ઓળખાણ કરાવેલ. ત્યારબાદ ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાનો સબંધ બંધાયેલ, જેથી ફરીયાદી આરોપીને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને ધંધાના કામ અર્થે નાણાંની જરૂર હોય ફરીયાદી પાસે રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)ની માંગણી કરતાં ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી હાથઉછીની રકમ માટે રૂા.૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા)નો, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સી.ટી.એમ.ચાર રસ્તા શાખાનો ચેક નં.૮૩૦૧૮૭, તા.૨૩/૦૪/૧૪ ના રોજનો આપેલ. ત્યારબાદ ફરીયાદીએ સદરહું રકમની પરત માંગણી કરતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા સારૂં ઈન્ડીયન ઓવરસીસ બેંક, હાંસોલ શાખાનો ચેક નં.૮૭૧૯૦૨, રૂા.૧,૦૦,૦૦૦/–પુરાનો તા.૧૬/૦૩/૧૫ ના રોજનો ચેક સહી કરી આપેલ જે ચેક બેંકમાં જમા કરાવતાં "ફંડ ઈનસફીશીયન્ટ"ના બેંકના શેરા સાથે ફરેલ. જે અંગે આરોપીને જાણ કરતાં આરોપીએ સદરહું ચેક ફરીથી બેંકમાં ભરવા સુચના આપેલ.ત્યારબાદ ફરીયાદીએ સદરહું ચેક ફરીવાર બેંકમાં જમા કરાવતાં "ફંડ ઈનસફીશીયન્ટ"ના શેરા સાથે તા.૩૦/૦૩/૧૫ ના રોજ પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત તા.૧૭/૦૪/૧૫ ના રોજ નોટસ રજી.પો.એડી.થી મોકલાવેલ. જે નોટીસ બજવા છતાં તેનો કોઈ અમલ કરેલ નહીં કે નોટીસનો કોઈ જવાબ આપેલ નહીં. ફરીયાદીએ જે નોટીસ મોકલાવેલ તેમાં ટાઈપોગ્રાફીકલ ભુલ પુરા નં.૧ માં થયેલ તે અંગે સુધારા નોટીસ તા.૦૫/૦૫/૧૫ ના રોજ આરોપીઓને મોકલાવેલ. જે સુધારા નોટીસ તા.૦૬/૦૫/૧૫ ના રોજ લેફટના શેરાથી પરત ફરેલ. ત્યારબાદ પણ આરોપીએ પરત ફરેલા ચેકના નાણાં ચુકવી આપેલા ન હોય, જેથી તેઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ કરેલ છે. આ કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન આ કામના આરોપી ધ્વારા આ ચેકમાં તેઓની સહી નથી કે આ ચેક તેઓના પોતાના ખાતાનો ચેક નથી તેવી કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી અને ચેકમાં સહી તેમની પોતાની હોવાનું તેમજ ચેક તેઓના પોતાના ખાતાનો હોવાની હકીકત કબુલ રાખેલ છે. જેથી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલા આંક–૭ વાળા ચેક તથા આંકઃ૮–૯ થી રજુ રીટર્નમમો અનુસાર ચેક વણ ચુકવાયે અપુરતા નાણાં ભંડોળના કારણે પરત ફરેલ છે. જે અંગે ફરીયાદી ધ્વારા આરોપીને નોટીસ મોકલવામાં આવેલ, જે નોટીસ આંકઃ૧ ૨ થી રજુ એકનોલેજમેન્ટ સ્લીપ અનુસાર બજેલ હતી. તે જ સરનામા ઉપર ફરીથી સુધારા નોટીસ આંકઃ૧૩ થી મોકલવામાં આવેલ , આકઃ૧૦ તથા ૧૩ વાળી નોટીસમાં જણાવેલ સરનામું તે આરોપીની ઉષા ક્રિએશન નામની

દુકાનનું સરનામું નથી, તેવો આરોપીનો કોઈ બચાવ નથી. જેથી એકટની કલમઃ ૧૩૮(બી)ની જોગવાઈ મુજબ ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે નોટીસ મોકલવાની જોગવાઈ છે તે મુજબ ફરીયાદીએ પાલન કરેલ છે. આ નોટીસનો આરોપીપક્ષે કોઈ જવાબ આપવામાં આવેલ નથી. જેથી એકટની કલમઃ૧૩૮ ના (એ),(બી),(સી) મુજબના ત્રણેય આવશ્યક તત્વો પરીપુર્ણ થયા બાદ નિયત સમયમર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય અને તે રીતે એકટ અન્વયેના પ્રાથમિક આવશ્યક તત્વો પરીપુર્ણ કરેલા હોય, જેથી હાલનો કેસ એકટની કલમઃ૧૧૮(એ) અને ૧૩૯ મુજબના આરોપી વિરૂધ્ધના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે. આરોપી વિરૂધ્ધના અનુમાનો અસ્તિત્વમાં આવેલ હોય તેનું ખંડન કરવાની જવાબદારી અથવા તે વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી બચાવપક્ષના શિરે રહેલ છે અને જયાં સુધી આવા કાનુની અનુમાનોનું ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી તે જેમના તેમ આરોપી વિરૂધ્ધ અસ્તિત્વમાં રહે છે.

૧૧. આરોપીપક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ એકટની કલમઃ૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર માનવાનું રહે છે. **નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા ૨૦૦૯(૨) જી.એલ.આર.૧૨૪૦,સુપ્રીમ કોર્ટ, મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિ. શર્મા કાર્પેટસના ચુકાદામાં પેરા–૧૧ માં** અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવીરીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

> **para : 11.** The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and **when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.** The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and

debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

આ કામે આરોપીપક્ષે પણ પોતાની લેખીત દલીલોના સમર્થનમાં સદરહું ચુકાદો રજુ કરી તે ઉપર આધાર રાખેલછે. ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનુ પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય. તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે. આ સંદર્ભે જોતાં આરોપીપક્ષે વિવિધ બચાવો લીધેલા છે જેની ચર્ચા નીચે મુજબ છે.

૧૨. સૌપ્રથમ આરોપીએ પોતાના મુખ્ય બચાવ તરીકે એવો બચાવ લીધેલ છે કે, ફરીયાદી તથા આરોપી એકબીજાને ઓળખતા નથી. આરોપી પોતે મોટો ધંધો ધરાવે છે તેથી અંગત જરૂરીયાત માટે ઉછીના નાણાંની જરૂરીયાત પડે તેવું બનેલ નથી. ફરીયાદી પોતે ફરીયાદ મુજબની રકમ ઉછીની આપી શકે તેવી આવકનો કોઈ

સ્ત્રોત ધરાવતા નથી.

આરોપીપક્ષે ઉપસ્થિત કરવામાં આવેલ સદર બચાવના સમર્થનમાં આરોપી ધ્વારા લેખીત તથા મૌખીક દલીલોમાં ફરીયાદીએ આરોપીની ઓળખાણ કોઈ જીગ્નેશભાઈ ઠકકર મારફત થયેલ, તે હકીકત તરફ ધ્યાન દોરી તથા આંકઃ૧૮ થી રજુ જીગ્નેશભાઈ ઠકકરના પુરાવા તરફ ધ્યાન દોરી સદર સાહેદ ધ્વારા ઉલટતપાસમાં તે સાહેદ પણ આરોપીના મિત્ર થકી ઓળખે છે, જેથી ફરીયાદી તથા આરોપી વચ્ચે કોઈ ઓળખાણ નથી તેવું પુરવાર થયેલ છે તેમ જણાવેલ છે. હવે આ સંદર્ભે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદીએ ફરીયાદમાં તેમના મિત્ર જીગ્નેશ જયંતીલાલ ઠકકર મારફત તહોમતદારની ઓળખાણ થયેલાનું સ્પષ્ટ જણાવેલ છે. આંક–૧૮ થી રજુ જીગ્નેશભાઈ જયંતિલાલ ઠકકરની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી તથા આ સાહેદ મિત્ર હોવાનું તથા આરોપી અને આ સાહેદ મિત્ર હોવાનું જણાવી આરોપીની ઉષા ક્રિએશન પ્રોપરાઈટરના નામે રેવડી બજારમાં ધંધો છે તેમ જણાવેલ છે. ઉલટતપાસમાં પુછતાં આ સાહેદ ધ્વારા સાહેદ તથા રમેશભાઈ એટલે કે આ કામના આરોપીને સારા સંબધ હોવાનું જણાવી તેઓની ઓળખાણ આરોપીના મિત્ર અનીલભાઈ થકી થયેલ તેમ જણાવેલ છે. આમ, ફરીયાદી ધ્વારા સ્પષ્ટ રીતે જીગ્નેશભાઈ થકી ઓળખાણ થયેલ તેવું જણાવી જીગ્નેશભાઈ ધ્વારા આંકઃ૧૮ ના પુરાવામાં આરોપીને તેઓ ઓળખાતા હોવાનું જણાવી તે ઓળખાણ આરોપીના પુત્ર થકી થયેલ હોવાનું જણાવેલ છે. આમ, જો ફરીયાદી આરોપીને પોતે જાતે ઓળખતા હોવાનું જણાવતા હોય તો તેવી હકીકત ફરીયાદીની ઉલટતપાસ તથા આંકઃ૧૮ વાળા સાહેદની ઉલટતપાસથી વિપરીત હકીકત બને. જયારે ફરીયાદી ધ્વારા સ્પષ્ટપણે જીગ્નેશભાઈ મારફતે ઓળખતા હોવાનું જણાવેલ છે. જીગ્નેશભાઈ તથા આરોપી કોઈ રીતે એકબીજાને ઓળખાતા નથી તેવી કોઈ હકીકત આરોપી પ્રસ્થાપિત કરી શકેલા નથી. તે સંજોગોમાં આરોપીની ઓળખાણ તેઓના પુત્ર થકી જીગ્નેશભાઈ સાથે થયેલી, તે હકીકત ફરીયાદીની ફરીયાદને કોઈ રીતે અસરકર્તા બનતી નથી. આંકઃ૧૮ થી સાહેદ જીગ્નેશભાઈનો પુરાવો લેવામાં આવેલ છે, સદર સાહેદે સરતપાસના પેરા નં.ર માં આરોપીને ધંધા માટે નાણાંની જરૂર હોવાથી સાહેદને વાત કરતાં એપ્રિલ–ર૦૧૪ ના સમયમાં ફરીયાદીને રૂબરૂ મળેલ અને આરોપીને રૂપિયા એક લાખ હાથઉછીના આપવા આ સાહેદે ફરીયાદીને જણાવેલ અને આરોપીએ આવી રકમ તાત્કાલીક ચુકવી દેશે તેવી ખાત્રી આપેલ તેમ જણાવેલ છે. આવી રકમ રૂપિયા એક લાખ ફરીયાદીએ આરોપીને ચેક મારફતે આપેલ અને તે સામે આરોપીએ વિવાદીત ચેક તા.૧૬/૦૩/૧૫ ના રોજ પરત ચુકવણી માટે આપેલ તેવું જણાવેલ છે. આ સાહેદની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ આપેલ ચેક અંગે પુછતાં ચેકની વિગત ખબર નહિં હોવાનું પરંતુ એસ.બી.આઈ.નો ચેક હોવાની ખબર હોવાનું સાહેદે જણાવેલ છે અને ચેકની રકમ ખબર નહિં હોવા અંગે પુછતાં આ સાહેદે તે બાબતનો ઈન્કાર કરી એક લાખનો ચેક હતો, ચેકની શખાા ખબર નથી, ક્રોસ ચેક હતો અને તા.ર૩/૦૪/૧૪ નો ચેક હતો તેવી માહિતી આ સાહેદને હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. આ સાહેદને આરોપી ધ્વારા આપવામાં આવેલ વિવાદીત ચેક અંગે પુછતાં તે ચેક સીકયોરીટી પેટે આપેલ હતો તે હકીકતનો સ્વીકાર કરી આ સાહેદે ચેક કોરો હોવાનો અને માત્ર સહી હોવાની હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. હવે તે સંદર્ભે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદના પેરા નં.ર માં આરોપીએ એક લાખની માંગણી કરતાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના તા.ર૩/૦૪/૧૪ ના રૂપિયા એક લાખના ચેકથી આ રકમ આરોપીને આપેલ તેમ જણાવેલ છે અને તે

સામે આરોપીએ તા.૧૬/૦૩/૧૫ નો ઈન્ડીયન ઓવરસીઝ બેંકનો એક લાખનો ચેક આપેલ તેમ જણાવેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદ હકીકત તથા આકં:૧૮ વાળા સાહેદના પુરાવા વચ્ચે મહત્વનો એવો કોઈ વિરોધાભાસ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. આંક–ર થી રજુ ફરીયાદીની સરતપાસ સંદર્ભે આરોપીપક્ષે કરેલ ઉલટતપાસ ધ્યાને લેતાં આરોપી પાસે બાકી નીકળતી લેણી રકમ સંદર્ભે કોઈ મહત્વનો વિરોધાભાસ આરોપીપક્ષ ઉપસ્થિત કરી શકેલા નથી. ફરીયાદી ધ્વારા પુરાવામાં આંક:૧૯ થી ઈન્ડીયન ઓવરસીઝ બેંકના સાહેદને તપાસેલ છે. આ સાહેદ એ.નં.ર૩૧ર કે જે ઉષા ક્રિએશનનું એકાઉન્ટ છે, તેનું ખાતાનું સ્ટેટમેન્ટ આંક:ર૧ થી રજુ કરવામાં આવેલ છે. આ સાહેદ ધ્વારા આરોપી રમેશભાઈ કેવલાણી તે ઉષા ક્રિએશનના પ્રોપરાયટર હોવાનું જણાવી તા.ર૪/૦૬/૧૪ ની એન્ટ્રી રૂપિયા એક લાખ આરોપીના ખાતામાં જમા થયા અંગેની એન્ટ્રી હોવાનું જણાવેલ છે. તા.ર૪/૦૬/૧૪ ની સદર એન્ટ્રીને ધ્યાને લેવામાં આવે તો તેમાં ચેક નં.૮૩૦૧૮૭ ચેક રકમ રૂપિયા એક લાખ આ ખાતામાં જમા થયા અંગેની નોંધ છે.

આમ, ફરીયાદી ધ્વારા ફરીયાદમાં જણાવેલ ચેક નં.૮૩૦૧૮૭,રૂા.૧,૦૦,૦૦૦/– ચેકથી આરોપીને આપવામાં આવેલી તે રકમ આરોપીના ખાતામાં જમા થયેલ તે હકીકતને ફરીયાદપક્ષ તરફે રજુ લેખીત –મૌખીક પુરાવાથી સમર્થન મળે છે. આ જમા થયેલ રકમ સંદર્ભે સી.આર.પી.સી.૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પુછતાં આરોપીએ **" મને આપેલ નથી"** તેવું જણાવેલ છે. સાહેદ નરેન્દ્રભાઈ કાલીદાસ સોલંકીના લેવાયેલ આંક:૧૯ ના પુરાવામાં જણાવાયેલ હકીકત " તા.ર૪/૦૬/૧૪ ની રૂા.૧ લાખ જમાની નોંધ તથા વિવાદીત ચેક તા.૧૮/૦૩/૧૫ ના રોજ પરત ફર્યા બાબતની ચાર્જ વસુલાતની એન્ટ્રી અન્વયે પુછતાં આરોપી ધ્વારા જણાવવામાં આવેલ છે કે, મને ફરીયાદીએ કોઈ ચેક આપેલ જ નથી, મે ફરીયાદીનો કોઈ ચેક જમા કરાવેલ નથી અને મે ફરીયાદીને કોઈ ચેક આપેલ નથી. મારો ચેક નં.૮૭૧૯૦ર પરત ફર્યા બાબતની ચાર્જ વસુલાતની એન્ટ્રી અંગે મને કાંઈ જ ખબર નથી. " વિશેષ નિવેદન દરમ્યાન વિશેષમાં પુછતાં આરોપી ધ્વારા " હું ફરીયાદીને ઓળખતો નથી, જે વ્યકિત ધ્વારા ઓળખાણ કરાવ્યાનું ફરીયાદી જણાવે છે તેમને પણ હું ઓળખતો નથી, ચેકમાં સહી સિવાય મને કોઈ વિગત ખબર નથી. મેં કોઈ વિગત ભરેલ નથી....." તેમ જણાવેલ છે. આરોપીપક્ષે કરવામાં આવેલ લેખીત દલીલોમાં ફરીયાદીના ચેકથી આરોપીના ખાતામાં જે રકમ જમા થયેલ છે તે અંગે પેરા નં.ર૩ માં જણાવેલ છે કે, " ફરીયાદી વ્યાજે પૈસા ફેરવવાનો ધંધો કરતા હોય, ફરીયાદી પાસે આવક વધી જાય છે અને આ કામના ફરીયાદીને પોતાના ઈન્કમટેક્ષ રીટર્નમાં વધુ આવક ન બતાવવી પડે તેથી આ કામના ફરીયાદીએ. સાહેદ સાથે મળી અમારા પુત્ર સાથે સાહેદના મિત્રતાના સંબંધ હોય, તે સંબંધનો લાભ લઈ ફરીયાદીની આવક ઓછી બતાવવા આવક વેરાથી બચવા સારૂં અમો તહોમતદારના કરંટ ખાતામાં ચેક ડીપોઝીટ કરી, સાહેદના કહેવા પ્રમાણે તે જ વખતે એડવાન્સમાં સીકયોરીટી પેટે ચેક લઈ અને ત્યારબાદ બે–ત્રણ દિવસ પછી સાહેદ અમો તહોમતદાર પાસે સેલ્ફના ચેકો લખાવી અમારી ઈન્ડીયન ઓવરસીઝ બેંકમાંથી જદી જુદી તારીખે સદર પૈસા લઈ ગયેલ છે. આ કામના ફરીયાદીના માતૃશ્રી મંજુલાબેન પણ સાહેદ જીગ્નેશભાઈ સાથે મળી અમો તહોમતદારના પુત્ર સાથે સાહેદના મિત્રતાના સંબંધોનો લાભ લઈ તા.૧૧/૦૭/૧૪ ના રોજ અમો તહોમતદારના કરંટ એકાઉન્ટમાં ચેક ડીપોઝીટી કરાવેલ, જે ચેકના નાણાં ફરીયાદીના માતૃશ્રીને પરત મળી જતાં ફરીયાદીના માતૃશ્રીએ પણ તા.ર૩/૦૪/૧૪ ના રોજ પોતાનો ચેક અમો તહોમતદારના કરંટ ખાતામાં નાખી જુદી

જુદી તારીખે પૈસા લઈ ગયેલ છે. "

આમ, આરોપીના કથન મુજબ ફરીયાદી વ્યાજે પૈસા ફેરવવાનો ધંધો કરે છે, જેથી આવક વધી જાય છે અને ઈન્કમટેક્ષમાં આવક ન બતાવવી પડે તે માટે ફરીયાદીએ આરોપીના ખાતામાં ચેક જમા કરાવવાનું ષડયંત્ર રચી આરોપીના સેલ્ફના ચેકથી રકમો ઉપાડી લઈ, ત્યારબાદ ફરીયાદીના માતૃશ્રીના ચેક પણ આરોપીના ખાતામાં જમા કરાવી તે રકમો પણ પરત મેળવેલ અને આવી રકમો જમા કરાવતા સમયે એડવાન્સમાં સીકયોરીટી ચેક લઈ લીધેલ. જો આરોપી ફરીયાદીની આટલી હકીકત જાણતા હોય તો તે સંજોગોમાં આરોપીએ વિશેષ નિવેદનમાં ફરીયાદીને ઓળખતા જ નથી તેવો જે બચાવ ઉપસ્થિત કરેલ છે તે, આરોપી તરફે રજુ કરવામાં આવેલ દલીલથી વિરોધાભાસી બને છે. વળી, આરોપીના પેરા નં.૨૩ ના કથન મુજબ ફરીયાદીએ જીગ્નેશભાઈ સાથેના આરોપીના પુત્રના મિત્રતાના સંબંધોનો લાભ લઈ આ પ્રમાણે ષડયંત્ર કરેલ અને ઈન્કમટેક્ષ બચાવવા માટે આરોપીના ખાતામાં એક લાખનો ચેક ડીપોઝીટ કરાવેલ અને તે સામે તે જ વખતે એડવાન્સમાં સીકયોરીટી ચેક લીધેલ હતો તેવી હકીકત માની લઈએ તો, આરોપી તે જ સમયથી ફરીયાદી પાસે આરોપીનો એક ચેક પડેલ છે તે હકીકતથી માહિતગાર હતા. જો આરોપીના પોતાના કથન મુજબ ફરીયાદી કે સાહેદ જીગનેશભાઈ આરોપી પાસેથ સેલ્ફના ચેક પણ લખાવી લઈ ગયેલ અને તે ચેકોથી ડીપોઝીટ કરાવેલ રકમ પરત ઉપાડી લીધેલ તો, આરોપી જે–તે સમયે જ સીકયોરીટી પેટે આપેલ ચેક પરત મેળવવા માટે કોઈ કાર્યવાહી કરી શકયા હોત, જયારે ચેક ભરાયા તા.૧૮/૦૩/૧૫ સુધીમાં આવી કોઈ કાર્યવાહી આરોપી ધ્વારા કરવામાં આવેલ નથી. વળી, આરોપી ધ્વારા ફરીયાદીએ સાહેદ જીગ્નેશભાઈ સાથે મળી આરોપીના પૂત્ર સાથે મિત્રતાનો સંબધ બનાવી આવા ચેક ખોટી રીતે મેળવી દુરૂઉપયોગ કરેલ છે તેવી જે હકીકત જણાવેલ છે. તેને માનીએ તો પણ આરોપી ધ્વારા તેઓના આ કથનના સમર્થનમાં તેઓના દીકરા અમિતભાઈ સાથેની મિત્રતાનો કેવી રીતે ગેરલાભ લેવામાં આવ્યો ? તે અંગે તેઓના દીકરા અમિતભાઈને સાક્ષી તરીકે તપાસેલા નથી. જો આરોપીના દીકરા અમીતભાઈના સહકારથી ફરીયાદી ધ્વારા તથા ફરીયાદીના માતૃશ્રી ધ્વારા જમા કરાવેલ ૧–૧ લાખ જેટલી રકમ પરત મેળવી લેવામાં આવેલ હોય તો, તેવી પરત મેળવેલ રકમો સંદર્ભે પણ આરોપીના દીકરા અમિતભાઈના પુરાવાથી તે હકીકત આરોપી પુરવાર કરી શકયા હોત, ફરીયાદી ધ્વારા આરોપીના વિવાદીત ચેકો કેવી રીતે મેળવવામાં આવેલ, કયારે મેળવવામાં આવેલ અને કોણે આપેલ ? તે અંગેની હકીકત પણ આરોપી ધ્વારા જણાવાયેલ નથી કે તેવી હકીકતના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદી તથા તેઓના માતૃશ્રી ધ્વારા આવી રીતે ચેક ધ્વારા આરોપીના ખાતામાં જમા કરાવેલ રકમ ફરીયાદી તથા તેમના માતૃશ્રી પરત મળી ગયેલ છે, તેવી હકીકત પણ આરોપી પુરવાર કરી શકેલ નથી. આરોપી ધ્વારા પેરા નં.૨૩ માં જણાવ્યા અનુસાર નિર્વિવાદીત રીતે ફરીયાદી અને તેમના માતૃશ્રી ધ્વારા આરોપીના ખાતામાં રકમ જમા કરાવવામાં આવેલ અને તે સામે સીકયોરીટી પેટે આરોપી ધ્વારા વિવાદીત ચેક આપવામાં આવેલો. જેથી ફરીયાદી ધ્વારા આરોપીના ખાતામાં જમા કરાવેલ તે રકમ ગેરકાયદેસરની રકમ હતી તેવું અથવા આવી રકમ આરોપીની કોઈ રીતે લેણી રકમ હતી ? તેવું પુરવાર ન કરે ત્યાં સુધી ફરીયાદીને આવી જમા કરાવેલ રકમ પરત ચુકવી આપવાની જવાબદારી આરોપીની રહે છે. આરોપીના ઉપરોકત કથનને માની લઈએ તો પણ સીકયોરીટી પેટે આપવામાં આવેલ ચેકવાળી રકમ પરત આપવાની જવાબદારી આરોપીની બની રહે, આરોપી ધ્વારા આવી રકમ પરત ચુકવી આપેલ હતી તેવું કોઈ

પુરાવાથી પુરવાર કરેલ નથી. આરોપીપક્ષે પોતાની દલીલોના સમર્થનમાં આંકઃ૩૫ ના લીસ્ટથી ઈન્ડીયન ઓવરસીઝ બેંકનું પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ રજુકારવામાં આવેલ છે, તે સ્ટેટમેનન્ટમાંથી ૪ એન્ટ્રી હાઈલાઈટસ કરી આરોપી ધ્વારા આ એન્ટ્રી ફરીયાદીને પરત ચુકવેલ રકમની એન્ટ્રી છે તેવું દર્શાવેલ છે. હવે સદરહું દસ્તાવેજ પુરવાર થયેલ નથી, સદર દસ્તાવેજ સંદર્ભે ફરીયાદીની સ્પષ્ટતા અંગેની કોઈ તક મળેલ નથી. આવો દસ્તાવેજી ફરીયાદીના પુરાવા દરમ્યાન કે આરોપીના પુરાવા દરમ્યાન રજુ કરેલ નથી પરંતુ દલીલોના તબકકે રજુ કરેલ છે જેથી આવો દસ્તાવેજ ધ્યાને ન લઈ શકાય. તેમછતાં આ દસ્તાવેજને ધ્યાને લેવામાં આવે તો જે ૪ એન્ટ્રી આરોપી ધ્વારા હાઈલાઈટસ કરવામાં આવી છે તે પૈકી ૧૫ જુલાઈ ૨૦૧૪ ની એન્ટ્રી તે રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)આરોપીના ખાતામાં જમા થયાની એન્ટ્રી છે. તા.૧૭ જુલાઈ ૨૦૧૪ ની એક નોંધ જીગ્નેશ જયંતિભાઈ ઠકકરનાઓને ચેકથી રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ હજાર પુરા) ચુકવ્યા બાબતની છે. ૧૭ જુલાઈ ૨૦૧૪ ની બીજી નોંધ સેલ્ફના ચેકથી રૂા.૯૦,૦૦૦/–(અંકે રૂપિયા નેવું હજાર પુરા) ઉપાડયા બાબતની છે તથા ૧૮ જુલાઈ ૨૦૧૭ ની નોંધ તે ચેકથી જીગ્નેશ જયંતિભાઈને રૂા.૯,૨૦૦/– (અંકે રૂપિયા નવ હજાર બસ્સો પુરા)ચુકવ્યા બાબતની નોંધો છે. હવે આ ત્રણેય નોંધો ફરીયાદીને રકમ પરત ચુકવ્યા સંદર્ભે આરોપી તરફે રજુ કરાવામાં આવે હોય તો ત્રણેય રકમનો સરવાળો કરતાં તે રકમ રૂા.૧,૦૯,૨૦૦/– થાય છે. જો ફરીયાદી ધ્વારા માત્ર એક લાખ જમા કરાવેલ હતા તો વધુ રકમ પરત આપવાના કારણ અંગે આરોપીપક્ષ કોઈ ખુલાસો કરી શકેલ નથી. વળી, ચેકથી ચુકવાયેલ રકમ ૧૦,૦૦૦/– તથા ૯,૨૦૦/– તે જીગ્નેશભાઈ જયંતિભાઈ ઠકકરના નામનો ચેક છે. જીગ્નેશભાઈ જયંતિભાઈ ઠકકરે જો હાલના ફરીયાદીને રકમ પરત ચુકવવાની થાય તો, જીગ્નેશભાઈના નામનો ચેક આપવાના કારણ અંગેનો કોઈ ખુલાસો આરોપી કરી શકેલા નથી. તા.૧૭ જુલાઈના સેલ્ફના ચેકને ધ્યાને લેતાં સેલ્ફના ચેકથી રકમનો ઉપાડ ફરીયાદી ધ્વારા જ કરવામાં આવેલ તે રેકર્ડ ઉપર આરોપીએ પુરવાર કરેલ નથી. જેથી આ હકીકત પણ આરોપીના બચાવના સમર્થનમાં આરોપીને મદદરૂપ બનતી નથી. આરોપીએ લેખીત દલીલો સાથે હષદભાઈ જયંતિભાઈ પટેલ ધ્વારા અન્ય વ્યકિત સામે કરેલ ફરીયાદ કે જે મેટ્રો કોર્ટ નં.૩૭ માં ચાલે છે તેની ફરીયાદની નકલ રજુ કરેલ છે, જે આ કેસ સાથે કેવી રીતે સુસંગત છે તે આરોપીપક્ષ દર્શાવી શકેલ નથી તથા તે દસ્તાવેજ આંકે પડેલ નથી. તેમછતાં દસ્તાવેજ ધ્યાને લેતાં સદરહું ફરીયાદમાં પણ ફરીયાદી હર્ષદભાઈ પટેલ ધ્વારા રૂપિયા બે લાખ હાથઉછીના તે ફરીયાદના આરોપીને ચેકથી આપેલ છે. આમ, આરોપી ધ્વારા ફરીયાદીની આર્થિક સક્ષમતા અંગે જે તકરાર ઉપસ્થિત કરેલ છે તે ફરીયાદી ધ્વારા આરોપીને ચેકથી રકમ ખાતામાં જમા આપવામાં આવેલ તે હકીકતથી, આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ અન્ય વ્યકિતની કોર્ટ નં.૩૭ માં કરેલ ફરીયાદથી તેમજ આરોપીએ દલીલના પેરા નં.૨૩ માં જાણાવેલ આરોપીની આવક વધી જતી હોવાની હકીકતથી ટકવાપાત્ર બનતી નથી અને આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ ફરીયાદોથી ફરીયાદીની આર્થિક સક્ષમતા પુરવાર થાય છે. ઉપરોકત વર્ણવ્યા મુજબ ફરીયાદી ધ્વારા આરોપીના ખાતામાં રૂા.૧,૦૦,૦૦૦/–જમા આપવામાં આવેલ તે ચેકથી આપવામાં આવેલ હોય, જેથી સદરહું રકમ ગેરકાયદેસરની છે અથવા અન એકાઉન્ટેડ મની છે, ફરીયાદી ઈન્કમટેક્ષથી બચવા માટે આરોપીના ખાતામાં આવી રકમ જમા કારાવતા હતા, તેવો આરોપીનો બચાવ ટકવાપાત્ર બનતો નથી. તે સામે આરોપીએ તેવી રકમ પરત ચુકવ્યાનું કે ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ હકીકતોનું ખંડન થઈ શકે તે મુજબનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી જેથી

ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થયેલ તમામ અનુમાનો તથા આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓથી ફરીયાદીની ફરીયાદ હકીકતને પુરતુ સમર્થન મળી રહે છે .

૧૩. આરોપીપક્ષે સી.આર.પી.સી.૨૦૪(૨)નો ઉલ્લેખ કરી ફરીયાદીની ફરીયાદ સાથે સાહેદ લીસ્ટ આપેલ ન હોય, તો પ્રોસેસ ઈસ્યુ કરવાપાત્ર બનતા નથી અને કોર્ટ ગુન્હાનું કોગ્નીઝન્સ ના લઈ શકે તેવી રજુઆત કારવામાં આવેલ છે. કેસનો હાલનો તબકકો તે કોગ્નીઝન્સ લેવા માટેનો નથી, સાહેદી લીસ્ટ રજુ છે કે નહિં ? તે હકીકત કોગ્નીઝન્સ લેતા સમયે ધ્યાને લેવાની થાય. હાલના કામે સુનાવણી માટે પ્રથમ પરચુરણ નંબર આપવામાં આવેલ ત્યારબાદ, પુરાવાઓ ધ્યાને લેતાં ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ ફો.કે.નં.૮૦/૧૫ થી હાલનો કેસ ચાલેલ છે તે ધ્યાને લેતાં પણ ગુન્હાના કોગ્નીઝન્સ લેવામાં આવેલ છે. જેથી આ તબકકે સાહેદી લીસ્ટ રજુ ન હોવાની તકરાર ધ્યાને લેવાપાત્ર નથી. તેમ છતાં ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદના પાના નં.૫ ઉપર સાહેદોનું વર્ણન કરેલ છે અને અમારા સાહેદો નીચે મુજબ છે તેમ વર્ણવી, ફરીયાદી, ફરીયાદીની બેંકના માહિતગાર માણસ અને આરોપીની બેંકના માહિતગાર માણસ તે રીતે વર્ણવવામા આવેલ છે, જેથી સાહેદી લીસ્ટવાળી કાયદાની જરૂરીયાત પરીપુર્ણ થયેલ હોય આરોપીની સદરહું રજુઆત ગ્રાહય રાખવાપાત્ર બનતી નથી.

૧૪. આમ, ઉપરોકત સઘળી ચર્ચાના અંતે, ફરીયાદની સમગ્ર હકીકત અને રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવા આધારે જોતાં આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમઃ૧૩૮ મુજબના ગુન્હાના તમામ તત્વો ઉપરોકત વર્ણવેલ રીતે પુરવાર થતા હોય અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલા હોય, જયારે આરોપીપક્ષે તેમની વિરૂધ્ધના કાનુની અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલા હોય જેથી **મુદ્દા નં.૧**નો જવાબ **હકારમાં** ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ કામના આરોપી રમેશભાઈ ડી.કેવલાણી તે ઉષા ક્રિએશનના પ્રોપરાયટર, ઠે.૫, બેઝમેન્ટ, મુરલી મનોહર માર્કેટ, સુગનોમલ માર્કેટની પાછળ,રેવડી બજાર,અમદાવાદનાઓને કિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૨૮ મી, માહેઃઓગષ્ટ,વર્ષઃ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૮/૧૮
સ્થળ:અમદાવાદ

(કુ.અસ્મિકાબેન ભુપેન્દ્રકુમાર ભટ્ટ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટ નં.૨૯,અમદાવાદ
GJ 00820

૧૫. આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી એમ.એમ.શેખે એવી રજુઆત કરેલ છે કે, આરોપી સીનીયર સીટીઝન છે,પ્રોબેશનનો લાભ મળવો જોઈએ. પ્રથમ વખતનો ગુન્હો છે, હાલના આરોપી કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. આ કેસ સિવાય અન્ય કોઈ કેસો તેમની સામે પેન્ડીંગ નથી. આરોપી પાસે આવકનો કોઈ સ્ત્રોત નથી, હાલમાં નિવતૃ છે. જેથી આરોપીને પ્રોબેશનનો લાભ આપવા અથવા ઓછામાં ઓછી સજા કરવા અને દંડ નહિં કરવા અરજ ગુજારેલ છે.

સજા અંગે રજુઆત સંદર્ભે ફરીયાદપક્ષ તરફે વિ.વકીલશ્રી ડી.એસ.પટેલે એવી રજુઆત કરેલ છે કે, આરોપી સામેનો આર્થિક ગુન્હો પુરવાર થયેલ છે,મોટી રકમનો ગુન્હો છે. સમાજમાં આવા ગુન્હાઓનું પ્રમાણ વધતું જાય છે, જેથી સમાજમાં દાખલો બેસે અને આવા ગુન્હાઓ બનતા અટકે તે સારૂં આરોપીને મહત્તમ સજા કરવા તથા ફરીયાદીને વળતર અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

૧૬. આ કામે આરોપી સામે એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર થયેલ છે. તેવા સંજોગોમાં હાલના આરોપી સામે પ્રથમ ગુન્હો હોય, તેઓ સીનીયર સીટીઝન હોય તેટલા માત્રથી ઓછી સજા કરવા માટેનો કાયદાનો કોઈ સિધ્ધાંત નથી. વળી, હાલના આરોપી સામે પ્રથમ ગુન્હો હોવાથી તેઓએ કરેલ ગુન્હાની ગંભીરતા તથા તેની સમાજ ઉપર થતી વિપરીત અસરો ઘટતી નથી. આમ, ઉપરોકત તમામ બાબતોને ઘ્યાને લેતાં તથા **નામ.સુપ્રીમ કોર્ટે જી.એલ.આર. ૨૦૧૨ (૨)૧૩૫૩, આર. વીજયન વિ. બાબીનાથના ચૂકાદામાં** પ્રસ્થાપિત કરેલા માર્ગદર્શક સિધ્ધાંતો તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) ઘ્યાને લેતાં તથા કેસની હકીકત અને સંજોગો ઘ્યાને લેતાં, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીને વળતરની રકમ તરીકે ફરીયાદવાળા ચેક મુજબની રકમ ચૂકવવા હુકમ કરવો ન્યાયીક જણાતો હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

હુ ક મ

૧. આ કામના આરોપી રમેશભાઈ ડી.કેવલાણી તે ઉષા ક્રિએશનના પ્રોપરાયટર, ઠે.૫, બેઝમેન્ટ, મુરલી મનોહર માર્કેટ, સુગનોમલ માર્કેટની પાછળ,રેવડી બજાર,અમદાવાદનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી, આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમઃ૨૫૫(૨) તથા ૩૫૩ અન્વયે ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમઃ૩૫૭(૩) મુજબ વિવાદીત ચેકની પુરેપુરી રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)ની આ કામના ફરીયાદીને વળતર પેટે દિવસ–૩૦ માં ચુકવી આપવી તથા તેમ કરવામાં કસુર થયેથી આરોપી એ વધુ ૩(ત્રણ)માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૩.	આરોપીએ અગાઉ આપેલ જામીન આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪.	આરોપીને આ હુકમની એક નકલ ક્રિ.પ્રો.કોડનીની કલમઃ૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા.૨૮મી, માહેઃઓગષ્ટ, વર્ષઃ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૮/૦૮/૨૦૧૮
સ્થળઃઅમદાવાદ

(કુ.અસ્મિકાબેન ભુપેન્દ્રકુમાર ભટ્ટ)
GJ 00820
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટ નં.૨૯,અમદાવાદ.